# ધોરણ - 4 ગણિત

## અધ્યયન નિષ્પત્તિઓ

M401 સંખ્યાઓની મૂળભુત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

- M401.1 10000 સુધીની સંખ્યાઓની સમજ ધરાવે છે.
- M401.2 10000 સુધીની સંખ્યાઓને અંકોમાં લખે છે.
- M401.3 10000 સુધીની સંખ્યાઓને શબ્દોમાં લખે છે.
- M401.4 10000 સુધીની સંખ્યાની સ્થાનકિંમત જણાવે છે.
- M401.5 એક અંકની સંખ્યાનો એક અંકની સંખ્યા સાથે ગુણાકાર કરે છે.
- M401.6 એક અંકની સંખ્યાનો બે અંકની સંખ્યા સાથે ગુણાકાર કરે છે.
- M401.7 એક અંકની સંખ્યાનો ત્રણ અંકની સંખ્યા સાથે ગુણાકાર કરે છે.
- M401.8 સરવાળા આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.
- M401.9 બાદબાકી આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.
- M401.10 ગુણાકાર આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.
- M401.11 ભાગાકાર આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.
- M401.12 પોતાના હિસાબની રોજનીશી બનાવે છે.
- M401.13 ચલણી નોટ-સિક્કાના આધારે 1000 સુધીના સરવાળા કરે છે.
- M401.14 ઘડિયા અને ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.
- M401.15 એક સંખ્યાનો બીજી સંખ્યા વડે ભાગાકાર વિવિધ પદ્ધતિઓ જેવી કે, ચિત્રાત્મક, સમાન જૂથ, પુનરાવર્તિત બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના આંતરસંબંધ દ્વારા કરે છે.
- M401.16 સંખ્યાત્મક પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે.

## શીખવા શીખવવાની પ્રક્રિયા

અધ્યયનકર્તાઓને જોડી-જૂથ અને વ્યક્તિગત તકો પુરી પાડવી અને પ્રોત્સાહિત કરવા.

* ગાણિતિક તથ્યોનો જુદી જુદી રીતે જેમ કે, પેટર્ન આગળ વધારીને, જોડીને ગણતરી કરીને વિસ્તાર કરવો અને તેમને લખવા. ઉદા. 3 ના ઘડિયાની રચના કરવા માટે બાળકોને જોડીમાં ગણતરી કરીને અથવા પુનરાવર્તિત સરવાળા કે નીચે દર્શાવેલી પેટર્નનો ઉપયોગ કરી શકે.

| | | |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 4 | 5 | 6 |
| 7 | 8 | 9 |
| 10 | 11 | 12 |
| | | |
| | | |
| | | |
| | | |

* બે અંકોની સંખ્યાનો વિસ્તાર અને ગુણાકાર. ઉદા. 23 નો 6 સાથેના ગુણાકારનો ઉકેલ નીચે મુજબ કરી શકાય.

* 6 × (3+20) =6 × 23

(6×3) + (6×20) =

18 + 120 =


138 =

*ગુણાકારનો ઉપયોગ કરીને રોજિંદા જીવનને લગતા કોયડા ઉકેલવા અને તેમની રચના કરવી. જેમકે, એક પેનની કિંમત રૂ. 35 હોય તો 7 પેનની કિંમત કેટલી થાય? ગુણાકાર માટેની તાર્કિક ક્રમબદ્ધ ગાણિતિક પ્રક્રિયાનો વિકાસ કરવો અને તેની ચર્ચા કરવી.

*ભાગાકાર માટે જૂથની રચના કરવી જેમ કે, 24 3 ÷એટલે




DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | ઉદા, 24 માં 3 -3 ના કેટલા જૂથ હોય? અથવા કોયડાનું 24 માં કેટલા 3 સમાયેલા છે.?<br>• ગાણિતિક વિધાન પરથી કોયડાનું નિર્માણ કરવું. કોયડા જેમ કે, 25-10 = 15 પરથી દરેક વિદ્યાર્થી અલગ અલગ નિર્માણ કરે જેમ કે, " મારી પાસે 25 સફરજન હતા, 10 ખવાઈ ગયા તો કેટલા બચ્યા?"<br>• બે જૂથ પાડીને કોયડાના નિર્માણની પ્રવૃત્તિ કરાવવી. જેમાં એક જૂથ કોયડાનું નિર્માણ કરે અને બીજુ જૂથ તેનો જવાબ આપે.<br>• અડધો, ચોથો ભાગ, ત્રણ ચતુર્થાંશ ભાગ જેવી અપૂર્ણાંક સંખ્યાઓ વિશે ચર્ચા કરવી અને તેમને રોજિંદા જીવન સાથે જોડવી<br>• અપૂર્ણાંક સંખ્યાઓને ચિત્રો અને કાગળની ગડી વાળવી જેવી પ્રવૃત્તિ કરીને દર્શાવવી જેમ કે, અડધા ચિત્રમાં રંગ પૂરો.<br>• નીચે ચિત્રો પૈકી કયું ચિત્ર એક ચતુર્થાંશ ¼ ભાગ દર્શાવતું નથી?<br> |
| M402 અપૂર્ણાંક સાથે કામ કરે છે.<br>M402.1 કોઈ વસ્તુના ભાગ તરીકે અપૂર્ણાંકને સમજે છે.<br>M402.2 અપૂર્ણાંકનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે.<br>M402.3 આપેલ ચિત્રોમાં એક દ્વિતીયાંશ, એક ચતુર્થાંશ, ત્રણ ચતુર્થાંશ ભાગ ઓળખે છે.<br>M402.4 અડધો, પોણો, પા જેવા અપૂર્ણાંકોને 1/2, 3/4, 1/4 જેવા ચિહ્નોથી દર્શાવે છે.<br>M402.5 1/2 અને 2/4 વચ્ચે તથા અન્ય અપૂર્ણાંકો વચ્ચે સમાનતા દર્શાવે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.<br>M403.1 ભૌમિતિક આકારોની વિવિધ પેટર્નને ઓળખે છે.<br>M403.2 કાગળને વાળીને-કાપીને કે આંગળાની છાપ વગેરેને આધારે સંમિતિની સંકલ્પના સમજવા દર્પણ આકૃતિ બનાવે છે.<br>M403.3 વસ્તુને જુદા- જુદા પરિપ્રેક્ષ્યમાં જોઈને તેના દેખાવ વિશે સમજે છે. અને સરખામણી કરે છે.<br>M403.4 વસ્તુને જુદા-જુદા પરિપેક્ષ્યમાં જોઈને દોરે છે.<br>M403.5 આપેલ ચિત્ર-નકશાના આધારે અવકાશીય સમજણ અને દિશાઓ સંબંધી પ્રશ્નોના જવાબ આપે છે.<br>M403.6 વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે.<br>M403.7 વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસને ઓળખે છે.<br>M403.8 વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસને દર્શાવે છે.<br>M403.9 પરિકરની મદદથી વર્તુળ દોરે છે.<br>M403.10 વર્તુળ આધારિત વિવિધ ભાત દોરે છે.<br>M403.11 ભોંયતળિયાની પેટર્ન બનાવવા માટે જરૂરી આકારો(લાદી) શોધે છે. અને બનાવે છે. | -જુદાં- જુદાં માપની ત્રિજ્યાના વર્તુળ દોરવા, પરિકરની મદદથી વર્તુળમાં જુદી-જુદી ભાત બનાવવી.<br>-પરિકરની મદદથી વર્તુળની જુદી-જુદી ભાત બનાવવી.<br>-ભોંયતળિયાની જુદીજુદી ભાતની રચનાનું અવલોકન કરાવવું. ઘર, ફુટપાથ, અલગ-અલગ બિલ્ડિંગના તળિયામાં જોયેલી આવી ભોંયતળિયાની ભાતની ર્ચા કરવી.<br><br>-બાળકો પોતાની જાતે ભોયતળિયાની ડિઝાઈન બનાવે.<br>વર્ગખંડની વસ્તુઓને અલગ-અલગ રીતે જુઓ અને તે દ્રશ્યનુ ચિત્ર દોરો. ઉદા, પ્યાલો સામેથી જોતા અલગ દેખાય છે. તે ઉપરથી અને નીચેથી કેવો દેખાશે? તેવા પ્રશ્નો પૂછવા. |
| M404 આપેલ આકારને એકમ તરીકે લઈ ભૌમિતિક આકારો)ત્રિકોણ, લંબચોરસ, ચોરસ(ની પરિમિતિ અને ક્ષેત્રફળ રજૂ કરે છે. દા.ત. ટેબલના મથાળાને સંપૂર્ણ ઢાંકવા માટે જરૂરી નોટબુક પુસ્તકની સંખ્યા જણાવે છે.<br>M404.1 વિવિધ આકારોની પરિમિતિ શોધે છે.<br>M404.2 આલેખપત્ર અથવા સમાન ચોરસ ખાનાની મદદથી અનિયમિત આકારના પદાર્થનું ક્ષેત્રફળ શોધે છે. | વિવિધ મૂર્તવસ્તુઓ ભેગી કરી આલેખપત્ર ઉપર તેની ધાર પેન્સિલની મદદથી દોરી તેના દ્વારા ઘેરાયેલાં ખાનાં ગણીને ક્ષેત્રફળ શોધાવવું.<br>-વિવિધ વસ્તુઓનો એકમ તરીકે ઉપયોગ કરી આપેલ સપાટીનું ક્ષેત્રફળ શોધાવવું.<br>જેમ કે, પુસ્તકના પૂંઠાનું ક્ષેત્રફળ દીવાસળીના ખોખાની મદદથી કે ઠંડાપીણાના ઢાંકણ કે કાગળના ચોરસ/ત્રિકોણના ટૂકડાની મદદથી શોધાવવું.<br>પરિમિતિની સમજ વિવિધ મૂર્ત વસ્તુઓ અને ઉદાહરણની મદદથી આપવી. |

DRAFT

<table>
<tr><th>અધ્યયન નિષ્પત્તિઓ</th><th>શીખવા શીખવવાની પ્રક્રિયા</th></tr>
<tr><td>M404.3 સમાન ચોરસ ખાનાની મદદથી વિવિધ નિયમિત આકારોનું ક્ષેત્રફળ શોધે છે.<br>M404.4 પરિમિતિ અને ક્ષેત્રફળ આધારિત રોજીંદા જીવનના કોયડા ઉકેલે છે.</td><td>-કેટલાક ચિત્રો આપી તેની પરિમિતિ શોધાવવી.<br>જેમકે,<br><br><br>-મૂર્ત વસ્તુઓની પરિમિતિ દોરાનો ઉપયોગ કરીને શોધાવવી. દોરાની મદદ સિવાય પરિમિતિ શોધવાની અન્ય રીતો શોધાવવી.</td></tr>
<tr><td>M405 મીટરનું સેન્ટીમીટરમાં અને સેન્ટીમીટરનું મીટરમાં રૂપાંતર કરે છે.<br>M405.1 અંતર અને ઊંચાઈના એકમ) સેમી, મીટર, કિમી) ની સમજ ધરાવે છે.<br>M405.2 અંતર અને ઊંચાઈના એકમોનું રૂપાંતરણ કરે છે.) સેમીનું મીટર, મીટરનું સેમી, મીટરનું કિમી, કિમીનું મીટર)</td><td>૧ મીટર = ૧૦૦ સેમીનો ઉપયોગ કરી મીટરમાં આપેલી લંબાઈને સેમીમાં અને સેમીમાં આપેલી લંબાઈને મીટરમાં દર્શાવવાનું વિદ્યાર્થીઓ એકબીજાને પૂછે.</td></tr>
<tr><td>M406 બે વસ્તુઓ વચ્ચેના અંતર, જુદી-જુદી વસ્તુઓનું વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે. અને તેમનું ચોક્કસ માપન કરે છે.<br>M406.1 કોઈ પણ બે બિંદુ વચ્ચેના અંતરનું અનુમાન કરે છે.<br>M406.2 બે બિંદુઓ વચ્ચેના અંતરનું માપપટ્ટી વડે માપન કરે છે. અને દોરે છે.<br>M406.3 ઊંચાઈનું અનુમાન કરે છે.<br>M406.4 ઊંચાઈનું માપન કરે છે.<br>M406.5 ઊંચાઈના અનુમાન અને માપનની સરખામણી કરે છે.<br>M406.6 અંતર અને ઊંચાઈ આધારિત વ્યાવહારિક કોયડા ઉકેલે છે.<br>M406.7 ગુંજાશની સંકલ્પના સમજે છે.<br>M406.8 વસ્તુની ગુંજાશનો અંદાજ લગાવે છે.</td><td>વસ્તુની લંબાઈ કે બે વસ્તુ વચ્ચેના અંતરનો અંદાજ લગાવવો અને તેને માપીને પ્રમાણિત કરવું. ઉદા. અધ્યેતાની પથારીની લંબાઈ અથવા શાળાના દરવાજાથી વર્ગખંડના અંતરનો અંદાજ કરવો અને તેનું માપન કરીને પ્રમાણિત કરવું<br>-બિનપ્રમાણિત એકમોથી પ્રવાહીનું માપન કરાવવું.<br>-એક લિટર બરાબર 1000 મિલિલીટર થાય તે માટે વિવિધ પ્રવૃત્તિ દ્વારા સમજ આપવી.<br>-ઈન્જેક્શન, ચોક્કસ માપની વિવિધ બોટલોની મદદથી ગુંજાશ એટલે કે પાત્રની ધારિતાની સમજ આપવી.<br>-એક સોપાનવાળા વ્યવહારુ કોયડાની રચના કરવી અને તેના ઉકેલ શોધાવવા. (લંબાઈ, અંતર, વજન, ગુંજાશ)</td></tr>
</table>


DRAFT

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M406.9 ગુંજાશના એકમો લિટર અને મિલિલીટરની સમજ ધરાવે છે.<br>M406.10 લિટરનું અને મિલિલીટરમાં અને મિલિલીટરનું લિટરમાં રૂપાંતર કરે છે.<br>M406.11 ગુંજાશના વ્યવહારુ કોયડા ઉકેલે છે. | |
| M407 રોજિંદા જીવનની પરિસ્થિતિઓ-સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ દ્વારા આપે છે. (નાણું, લંબાઈ, વજન, જથ્થો, અંતર, ગુંજાશ વગેરે આધારિત)<br>M407.1 આપેલી વિગતોના આધારે માહિતીનો અંદાજ મેળવે છે.<br>M407.2 આપેલી વિગતોના આધારે ગાણિતિક પ્રક્રિયાઓની મદદથી ઉકેલ મેળવે છે.<br>M407.3 બે અંકની સંખ્યાનો એક અંકની સંખ્યા વડે ભાગાકાર કરે છે.<br>M407.4 ત્રણ અંકની સંખ્યાનો એક અંકની સંખ્યા વડે ભાગાકાર કરે છે.<br>M407.5 ભાગાકાર આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.)નાણું, લંબાઈ, વજન, જથ્થો, અંતર, ગુંજાશ વગેરે આધારિત(<br>M407.6 માહિતી આધારિત અર્થગ્રહણ કરીને પ્રશ્નોના જવાબ આપે છે. (બિલ, ભાવપત્રક)<br>M407.7 વજનના એકમ તરીકે ગ્રામ અને કિલોગ્રામની સમજ મેળવે છે.<br>M407.8 ગ્રામનું કિલોગ્રામમાં રૂપાંતર કરે છે.<br>M407.9 કિલોગ્રામનું ગ્રામમાં રૂપાંતર કરે છે.<br>M407.10 જુદા- જુદા વજનવાળી વસ્તુઓના વજનની સરખામણી કરે છે.<br>M407.11 જાતે વજનિયાં બનાવે છે.<br>M407.12 રોજિંદા જીવનમાં જુદી જુદી વસ્તુઓનું વજન શોધે છે.<br>M407.13 વજન આધારિત વ્યાવહારુ કોયડા ઉકેલે છે. | રૂપિયાને પૈસામાં રૂપાંતર કરવા જેમકે, 20 રૂપિયામાં 50 પૈસાના કેટલા સિક્કા મળે.<br>વિદ્યાર્થીઓ ચાર ક્રિયાઓનો ઉપયોગ કરે તેવા બિલ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી.<br>-એક સોપાનવાળા વ્યવહારુ કોયડાની રચના કરવી અને તેનાં ઉકેલ શોધાવવા. (લંબાઈ, અંતર, વજન, ગુંજાશ)<br>-વિવિધ વસ્તુ, પાત્રો વગેરેની લંબાઈ, અંતર, વજન અને ગુંજાશ વગેરેનો પણ અંદાજ કરાવવો પછી તેનું ચોક્કસ માપ શોધાવવું. જેમ કે, પેન્સિલની લંબાઈનું અનુમાન કરાવવું અને પછી માપપટ્ટીની મદદથી ચોક્કસ લંબાઈ મપાવવી પછી અનુમાન અને ચોક્કસ માપ વચ્ચેના તફાવત શોધાવવો.<br>-ત્રાજવા બનાવવા.<br>-બનાવેલા ત્રાજવાની મદદથી વસ્તુઓના વજન માપવા<br>-વજનિયાના ઉપયોગમાં નવીનતા લાવવી ૫૦૦ ગ્રામના સ્થાને ૨૫૦ ગ્રામના વજનિયાનો ઉપયોગ કરાવવો, સમાન વજનના પથ્થરનો ઉપયોગ પણ કરે, લાકડું, લોખંડ, પ્લાસ્ટિક જેવા પદાર્થોનો ઉપયોગ કરાવવો.<br>-એક સોપાનવાળા વ્યવહારુ કોયડાની રચના કરવી અને તેના ઉકેલ શોધાવવા. (લંબાઈ, અંતર, વજન, ગુંજાશ) |

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M408 ઘડિયાળનો સમય કલાક અને મિનિટમાં વાંચે છે. અને સમયને am અને pm માં દર્શાવે છે.<br>M408.1 ઘડિયાળનો સમય ઓળખી શકે છે.<br>M408.2 આપેલા સમયને ઘડિયાળમાં દર્શાવે છે.<br>M408.3 રોજિંદા જીવન વ્યવહારને સમય સાથે જોડે છે.<br>M408.4 સમયનું અનુમાન કરે છે.<br>M408.5 સમયના કરેલા અનુમાનને વાસ્તવિક રીતે ચકાસણી કરે છે. | ઘડિયાળના કાંટા ઓળખાવી તેમની મદદથી ચોક્કસ સમય કલાક અને મિનિટમાં દર્શાવવાનું સમજાવવું.<br>-કલાક - મિનિટમાં આપેલા સમય મુજબ ઘડિયાળમાં કાંટા દર્શાવવા. |
| M409 12 કલાક અને 24 કલાકની ઘડિયાળને સમજે છે., તેમજ તેમની વચ્ચેનો સંબંધ શોધે છે.<br>M409.1 સમયને 12 કલાક અને 24 કલાકના સંદર્ભે દર્શાવે છે.<br>M409.2 રોજિંદા જીવનમાં 12 કલાક અને 24 કલાકના સંદર્ભે સમયનો ઉપયોગ કરે છે. | -રાત્રે ૧૨ : 00વાગ્યાથી બપોરના ૧૧ : ૫૯ વાગ્યા સુધીના સમયને a.m. દ્વારા અને બપોરના ૧૨ : 00વાગ્યાથી રાતના ૧૧ : ૫૯ સુધીના સમયને p.m. દ્વારા દર્શાવવાનો મહાવરો કરાવવો.<br>-રેલ્વેનું સમયપત્રક, બસ સ્ટેશનનું સમયપત્રક બતાવી તેમાં ૨૪ કલાકની ઘડિયાળનો ઉપયોગ કરી સમય કેવી રીતે દર્શાવ્યો છે. તે સમજાવવું. તેના દ્વારા ૨૪ કલાકની ઘડિયાળ અને ૧૨ કલાકની ઘડિયાળના સમય સાથે સરખામણી કરાવવી. |
| M410 રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓની સમયગાળાની ગણતરી કરે છે. અને ઘટનાઓને ક્રમમાં ગોઠવે છે.<br>M410.1 બે ઘટનાઓ વચ્ચેના સમયગાળાની ગણતરી કરે છે.<br>M410.2 ઘટનાઓને સમયના ક્રમમાં ગોઠવે છે.<br>M410.3 મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયું, માસ અને વર્ષની સમજ સમયના સંદર્ભમાં ધરાવે છે.<br>M410.4 કેલેન્ડરની સમજ ધરાવે છે. | -કોઈક ઘટના કે ક્રિયાનો શરૂઆતનો અને પૂર્ણ થવાનો સમય નોંધી ઘટના માટે કેટલો સમય લાગ્યો તે શોધાવવો.<br>-પોતાના વર્ગની અંદર અને બહારના અનુભવનો ઉપયોગ કરીને બાળકને સમય કહેવાની તક આપવી.<br>-કેલેન્ડરનું અવલોકન કરાવવું. તેમાં મહિના કે વર્ષમાં કેટલા અઠવાડિયા છે. તે શોધાવવું. બાળકોને મહિનામાં કેટલા દિવસો હોય  તેની રચના કેવી છે. તે અને મહિનામાં દિવસ તારીખ સાથે કેવી રીતે જોડાયેલ છે., વગેરે શોધાવવા. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M411 ગુણાકાર અને ભાગાકારમાં રહેલ પેટર્ન ને ઓળખે છે. (9 ના ગુણક સુધી)<br>M411.1 1 થી 9 સુધીના ઘડિયાની રચના સમજે છે. અને તેના આધારે મોટી સંખ્યાના ઘડિયા રચે છે. | ગુણાકાર અને ભાગાકારના વિવિધ ઉદાહરણ દ્વારા તેમાં રહેલી પેટર્ન શોધાવવી.<br>જેમ કે, ૨ × 3 = ૬<br>૭ × 3 = ૨૧<br>૯ × 3 = ૨૭ |
| M412 સંમિતતાને આધારે આપેલ ભૌમિતિક પેટર્નનું અવલોકન કરે છે. ભૌમિતિક પેટર્ન ને ઓળખે છે. અને ભૌમિતિક પેટર્નને આગળ વિસ્તારે છે.<br>M412.1 આકારોમાં જોવા મળતી પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે.<br>M412.2 અંગ્રેજી મૂળાક્ષરો અને અંકો આધારિત પેટર્ન સમજે છે. અને આગળ વધારે છે. | -તેઓ તેમની આસપાસમાંથી રચના/ ડિઝાઇન શોધે (આકાર અને સંખ્યાની મદદથી (અને તેમને તે પ્રકારની રચના બનાવવા અને વિકસાવવા પ્રોત્સાહિત કરવા.<br>વિવિધ પ્રકારની સાંકેતિક ભાષાના ઉદાહરણ આપી તેમાં પેટર્ન શોધાવવી.<br>જેમ કે, નમન =<br>મગન =<br><br>ગગન = ?<br>આ ઉપરાંત વિદ્યાર્થીઓને પોતાની અલગ સાંકેતિક લિપિ બનાવી અન્ય જૂથના બાળકોને તે સમજવા આપવી. |
| M413 ભેગી કરેલ માહિતીને કોષ્ટકમાં અને સ્તંભાલેખમાં નિરૂપણ કરે છે. અને તેમાંથી અનુમાન તારવે છે.<br>M413.1 કોષ્ઠકમાં આપેલી માહિતીનું અર્થઘટન કરે છે. અને પ્રશ્નોના જવાબ આપે છે.<br>M413.2 રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓને કોષ્ટક સ્વરૂપે દર્શાવે છે.<br>M413.3 માહિતીના આધારે સ્તંભ આલેખની રચના કરે છે.<br>M413.4 સ્તંભ આલેખ આધારિત પ્રશ્નોના જવાબ આપે છે.<br>M413.5 માહિતીના આધારે વર્તુળ આલેખની રચના કરે છે.<br>M413.6 વર્તુળ આલેખ આધારિત પ્રશ્નોના જવાબ આપે છે. | તેમના રોજિંદા જીવનની માહિતીને ભેગી કરે અને અર્થસભર પરિણામ(તારણ) મેળવે. આ અનુભવોનો ઉપયોગ કરીને, બાળકો ડેટા સંભાળવાની પ્રક્રિયામાં ભાગ લેતાં થાય.<br>-ભેગી કરેલી માહિતીને લંબાલેખમાં વિવિધ ચિન્હનોના ઉપયોગ દ્વારા દર્શાવડાવવો અથવા દીવાસળીની પેટી કે અન્ય મૂર્ત વસ્તુદ્વારા દર્શાવડાવાનો મહાવરો કરાવવો.<br>સમાચારપત્રક/ સામયિકોમાંથી માહિતી દર્શાવતા કોઠા/લંબાલેખ ,વગેરે ભેગા કરાવવા અને તેનું વાંચન કરાવી એકબીજાનેપ્રશ્નો પુછાવવા. |

DRAFT